**વનરાજ ગેસ એજન્સી દાહોદ દ્વારા ભારત ગેસની બોટલ વિતરણ કરવામાં બેદરકારી કે પુરતો જથ્થો નથી ? નાગરિકોમાં સવાલોનો દોર ચાલ્યો**

# સિંગવડ તાલુકામાં એક મહિના ગેસ બોટલ નહિ અપાતા મુશ્કેલી

**દાહોદ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા તાકીદે સમસ્યાનુ નિવારણ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે**



(પ્રતિનિધિ) સિંગવડ, તા.30

સિંગવડ તાલુકા ખાતે દાહોદ ની વનરાજ ગેસ એજન્સી દ્વારા એક મહિના ઉપરાંત આજ દિન સુધી ભારત ગેસની બોટલો સિંગવડ તાલુકામાં આપવામાં નથી આવી જ્યારે ભારત ગેસ ના ગ્રાહકોને છેક દાહોદ લેવા માટે જવું પડતું હોય છે અને તેમને તકલીફનો સામનો કરવો પડે છે અને ખર્ચ પણ વધારે પડતો થાય છે જ્યારે સરકાર દ્વારા પણ ગેસની અછત નથી અને ગેસ ગ્રાહકો ને ગેસની બોટલ મળી રહેશે તેમ જણાવ્યા છતાં વનરાજ ગેસ એજન્સી દાહોદ દ્વારા સિંગવડ ખાતે ભારત ગેસના બોટલો આપવામાં નથી આવતા જ્યારે આ ભારત ગેસ નહી મળતા સિંગવડ મામલતદાર ઓફિસ ખાતે ચાર્જમાં રહેલા નાયબ મામલતદારને જાણ કરતા નાયબ મામલતદાર દ્વારા પણ વનરાજ ગેસ એજન્સીમાં વારંવાર ફોન કરવા છતાં વનરાજ ગેસ એજન્સીના કર્મચારીઓ દ્વારા ફોન પણ ઉપાડવામાં આવ્યા નથી જો સરકારી અધિકારીના ફોનનો જવાબ નહીં મળતો હોય તો પછી આમ નાગરિકનું કોણ સાંભળે તે એક ચર્ચાનો વિષય બનવા પામ્યો છે જ્યારે ગેસ ગ્રાહકો દ્વારા પણ ગેસ એજન્સી પર ફોન કરવામાં આવે છે પણ તે ફોન નો કોઈ જવાબ મળતો નથી જ્યારે વનરાજ ગેસ એજન્સી સિંગવડ તાલુકા ખાતે દર શુક્રવારે ગેસના બોટલો આપવા આવતા હતા જ્યારે ગેસની અછત થવાની ચર્ચા ચાલી ત્યારથી વનરાજ એજન્સી દાહોદ દ્વારા ભારત ગેસ ની બોટલો સિંગવડ તાલુકામાં આજ દિન સુધી આપવામાં આવી નથી જે અનુસંધાને યોગ્ય કરવા લોકમાંગ ઉઠી છે.

## જાંબુઘોડા સહિતના વિસ્તારમાં ગેસ બોટલ સપ્લાય ખોરવાતા હાલાકી




**જાંબુઘોડા :** કેટલાક દિવસો થી પેટ્રોલ, ડીઝલ, અને રાંધણ ગેસ ના બોટલો ને લઈ વિવિધ પ્રકાર ની અફવાઓ ને લઈ લોકો માં કુતુહલ જોવા મળે છે તેવામાં ગુજરાત સહિત અનેક જિલ્લાઓમાં ગેસ ના બોટલો લેવા માટે વહેલી સવાર થી જ ગેસ એજન્સી ઓ ઉપર ગ્રાહકો ની બોટલો લેવા માટે લાઈનો લાગતી હોય છે તેવામાં કેટલાક હોટલ માલિકો એ ગેસના બોટલો ન મળવા ના કારણે પોતાની હોટલો બંધ કરી દેવામાં આવી છે ત્યારે જાંબુઘોડા મેન રોડ ઉપર આવેલી કેટલીક ખાણી પીણી ની લારિયો ઉપર ધંધો કરી પરિવાર નું ગુજરાન ચલાવતા કેટલાક વ્યાપારી ઓ દ્વારા દેશી જુગાડ લગાવી દીધો હતો અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે લાકડા વડે દેશી ચૂલા ઓ શરૂ કરી ધંધો રોજગાર ચલાવી રહ્યા છે તેમજ ગૃહણી ઓ દ્વારા પણ ગેસ ના બોટલો ની અછત ને લઈ બોટલ ન મળવાના કારણે ફરી એકવાર જુની પદ્ધતિ દ્વારા ચુલા સળગાવવામાં આવી રહ્યા છે.

## દાહોદ જિલ્લામાં ગેસ અને ઇંધણ પુરવઠા વ્યવસ્થા અંગે કલેક્ટરની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

**લીમખેડા :** દાહોદ જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં ગેસ એજન્સી તથા પેટ્રોલ પંપ એજન્સીના કર્મચારીઓ અને અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં ગેસ, પેટ્રોલ અને કેરોસીનના પુરવઠા તથા વિતરણ વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટરએ ગેસ એજન્સીઓને સૂચના આપી હતી કે ગેસ સિલિન્ડરનું વિતરણ સમયસર થાય અને કોઈ પણ ગ્રાહકને વિલંબ ન થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. ગ્રાહકોને ગેસ બાટલા મળવામાં લાગતા દિવસોની નિયમિત મોનિટરિંગ કરવા તેમજ ઈ-કેવાયસી (e-KYC) પ્રક્રિયા સ્થાનિક સ્તરે જ પૂર્ણ થાય તે માટે ખાસ ધ્યાન આપવા જણાવ્યું હતું. ઉપરાંત, નવા ગ્રાહકોને ગેસ કનેક્શન ઝડપથી અને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પેટ્રોલ પંપ સંચાલકોને દૈનિક રિપોર્ટ મોકલવાની ફરજિયાત સુચના આપવામાં આવી હતી, જેથી જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલની ઉપલબ્ધતા પર સતત નજર રાખી શકાય. આ ઉપરાંત, કેરોસીનના વિતરણ માટે માત્ર IOCL પેટ્રોલ પંપોને અધિકૃત કરવામાં આવ્યા છે. તમામ તાલુકાના મામલતદારો પાસેથી કેરોસીનની માંગ અંગે માહિતી મેળવી જરૂરીયાત મુજબ જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન પેટ્રોલ, ડીઝલ અને કેરોસીનના ટ્રાન્સપોર્ટેશન અને વિતરણ સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી અને જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. સાથે જ, સિટી ગેસ પ્રોજેક્ટ અંતર્ગત રોજ કેટલા નવા કનેક્શન આપવામાં આવે છે તેનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.

# વેજલપુરમાં કન્યાશાળા પાસે ગેરકાયદેસર દિવાલનુ બાંધકામ વિદ્યાર્થીઓ માટે જોખમી



(પ્રતિનિધિ) કાલોલ, તા.30

કાલોલ તાલુકાના વેજલપુર મેન વિસ્તારમાં આવેલ સરકારી કન્યા શાળા પાસે દીવાલને અડીને ગેર કાયદેસર દબાણો નો જમાવડો જેના કારણે સ્કૂલમાં ભણવા જતા બાળકો માટે આ દબાણો અડચણ રૂપ બની રહેલ છે આ સ્કૂલ પાસેથી વેજલપુર થી ઘોઘંબાને જોડતો મુખ્ય રોડ આવેલ છે જ્યારે બીજી તરફ વેજલપુરથી ઘુસર રોડ આવેલ છે તેમજ અન્ય ગામના લોકો રાતદિવસ આ રોડ ઉપરથી પસાર થાય છે જ્યારે અનેક પ્રકારના વાહનો રાત દિવસ આ રોડ ઉપરથી પસાર થઈ રહયા છે જ્યારે કન્યા શાળા પાસે પેસેન્જર ગાડીઓનો જમાવડો જોવા મળી રહયો છે આ દબાણોને કારણે સ્કૂલમાં ભણવા જતા બાળકો માટે મુશ્કેલી થઈ રહેલ છે જે અંગે વેજલપુર ગામના જાગૃત નાગરિક દ્વારા વેજલપુર ગ્રામ પંચાયત તેમજ અન્ય કચેરીઓમાં લેખિત રજૂઆત કરવામાં આવેલ છે જ્યારે કુમાર શાળા પાસેના દબાણો ગ્રામ પંચાયત દ્વારા દૂર કરવામાં આવ્યા ત્યારે કન્યાશાળા પાસેના દબાણો ગ્રામ પંચાયત દ્વારા યથાવત રાખવામાં આવેલ આ કન્યાશાળા પાસે દબાણ દારોનો મસ મોટો અડ્ડો બની ગયેલ છે જેથી ગ્રામ પંચાયત દ્વારા કન્યા શાળા પાસેના બન્ને સાઈડની દીવાલના દબાણો દૂર કરવા જાગૃત નાગરિક દ્વારા મુખ્ય મંત્રી સુધી લેખીતમાં રજૂઆત કરવામાં આવેલ છે

જેથી વહેલી તકે આ દબાણો દૂર કરવામાં આવે તેવી લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે જેથી વેજલપુર ગ્રામ પંચાયત ના તલાટી ક્રમ મંત્રી જીગ્નેશ ગોહિલ તેમજ સરપંચ સુગરીબેન બુધાભાઈ નાયક દ્વારા જે રીતે મેહલોલ ચોકડી પાસે ગૌચર જમીન માંથી યુદ્ધના ધોરણે જે દબાણો દૂર કર્યા તે રીતે કન્યાશાળા પાસેના ગેર કાયદેસર દબાણોતાત્કાલિક દૂર કરવામાં આવે તેવી ગામજનોની માંગ ઉઠી છે.

# રણધીપુર પોલીસ સ્ટેશનના પીઆઈનો વિદાય સમારંભ યોજાયો




(પ્રતિનિધિ) સિંગવડ, તા.30

રણધીપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એન કે ચૌધરીની એસીબીમાં બદલી થતાં તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. રણધીપુર પોલીસ સ્ટેશનના પી આઈ એન કે ચૌધરી દ્વારા રણધીપુર પોલીસ સ્ટેશન ખાતે 19 મહિનાની નોકરી કરીને આજરોજ એસીબી ખાતે બદલી તથા તેમનો વિદાય સમારંભ રણધીપુર પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા યોજવામાં આવ્યો હતો જેમાં તમામ સ્ટાફ દ્વારા પીઆઈ એન કે ચૌધરીને હાથમાં ભોરીયુ નારિયળ આપી વિદાય કરવામાં આવ્યું હતું જ્યારે સિંગવડ તાલુકાના પત્રકાર મિત્રો દ્વારા પણ પીઆઈ એનકે ચૌધરીને સાલ ઓઢાડી ભાગવત ગીતા આપી તેમને વિદાય આપવામાં આવી હતી જ્યારે સિંગવડ નગરના આજુબાજુના આગેવાનો સરપંચો દ્વારા પણ પીઆઈએનકે ચૌધરીને વિદાય આપવામાં આવી હતી જ્યારે પીઆઈએનકે ચૌધરી દાહોદ જિલ્લામાં રણધીપુર પોલીસ સ્ટેશન ખાતે 19 મહિનાની નોકરી કરી અને અહીંયાથી જ એસીબીમાં બદલી થઈ હતી તેમની 19 મહિનાની નોકરીમાં તેમને સારી કારકિર્દી નિભાવી હતી અને આજુબાજુના આગેવાનો સાથે રહીને બધા જ કામોનો ઉકેલ લાવી આપવામાં આવ્યો હતો.

# ગોધરાના સંતરોડ-સંતરામપુર રસ્તાના રિ-કાર્પેટિંગ માટે રૂ. 19 કરોડ ફાળવાયા

**મોરવા (હ)ના ધારાસભ્ય નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત યોજાશે**



(પ્રતિનિધિ) ગોધરા, તા.30

ગરવી ગુજરાત હાઈ સ્પીડ કોરીડોર અંતર્ગત મંજૂર થયેલા સંતરોડ-સંતરામપુર રસ્તા પર વાહનવ્યવહાર સરળ રહે તે હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ રસ્તાના રિ-કાર્પેટિંગ માટે કુલ ૧૯ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે જેની કામગીરીનું ખાતમુહૂર્ત આજે બે સ્થળોએ યોજાવા જઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા સંતરોડ-સંતરામપુર રસ્તાને હાઈ સ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા અગાઉથી જ મંજૂરી આપી દેવામાં આવી છે. હાલમાં આ મોટા પ્રોજેક્ટના ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ, ડિઝાઈન, જમીન સંપાદન અને ફોરેસ્ટ ક્લિયરન્સની કામગીરી માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવાની ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે. આ મુખ્ય કામગીરીમાં સમય લાગે તેમ હોવાથી, તે દરમિયાન વાહનચાલકોને અવરજવરમાં કોઈ તકલીફ ન પડે તે માટે ધારાસભ્ય નિમિષાબેન સુથાર દ્વારા મુખ્યમંત્રીને રસ્તાની સપાટી સુધારણા કરવા માટે વિશેષ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ધ્યાને લઈને મુખ્યમંત્રીએ ત્વરિત નિર્ણય લઈ પંચમહાલ જિલ્લાની હદ સુધીના રસ્તા માટે ૧૩ કરોડ અને મહીસાગર જિલ્લામાં આવતા રસ્તા માટે ૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ કામગીરીનું ખાતમુહૂર્ત આજે સવારે ૧૦:૦૦ કલાકે પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના સંતરોડ ખાતે ગાયત્રી મંદિર પાસે અને ત્યારબાદ સવારે ૧૧:૩૦ કલાકે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના વાંદરિયા ચાર રસ્તા ખાતે યોજાશે, જેમાં સ્થાનિક નાગરિકોને ઉપસ્થિત રહેવા પણ જણાવાયુ છે.

## હાલોલ ખાતે "સપ્ત દિવસીય નિઃશુલ્ક યોગ શિબિર"નો પ્રારંભ થયો



**હાલોલ :** આજના અર્વાચીન યુગમાં સ્વસ્થ, સંતુલિત અને આનંદમય જીવન માટે યોગ એક અનિવાર્ય જીવનપદ્ધતિ બની ગયો છે. આ પવિત્ર ભાવના સાથે પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે શરૂ થયેલ "સપ્ત દિવસીય નિઃશુલ્ક યોગ શિબિર" એક ભવ્ય આરોગ્ય યજ્ઞરૂપ બની રહ્યો છે. ૨૭ માર્ચ ૨૦૨૬થી પ્રારંભ થયેલ આ યોગ શિબિરમાં આજે હરિદ્વાર સ્થિત પતંજલિ યોગપીઠના રાષ્ટ્રીય સચિવ અને પ્રખર યોગાચાર્ય ડો. સ્વામી પરમાર્થદેવજી મહારાજે યોગ સાધકોને યોગના સાત રંગોથી રંજિત કરી આરોગ્યમય ધૂનથી સમાધિના સ્વર સુધીની એક દિવ્ય યાત્રાનો અનુભવ કરાવ્યો. આ શિબિર માત્ર હાલોલ કે પંચમહાલ પૂરતું મર્યાદિત ન રહી સમગ્ર ગુજરાત માટે આરોગ્ય અને સકારાત્મકતાનો અનોખો અવસર બની રહ્યો છે.

**સૌએ નિરામય જીવનના શુભાશીષ પાઠવ્યા**

# સુખસરના ટાઢીગોળી પ્રાથમિક શાળાના આચાર્યનો વિદાય સમારોહ યોજાયો



(પ્રતિનિધિ) સુખસર,તા.30

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની ટાઢીગોળી પ્રાથમિક શાળા ખાતે ગત શનિવાર, 28 માર્ચ 2026ના રોજ આચાર્ય લખજીભાઈ હેંગાભાઈ ચરપોટનો વયનિવૃત્તિ સન્માન સમારોહ અત્યંત ભાવસભર અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.શિક્ષણ ક્ષેત્રે 38 વર્ષની દીર્ઘ અને સમર્પિત સેવાઓ પૂર્ણ કરી નિવૃત્ત થઈ રહેલા આચાર્યના માનમાં આયોજિત આ કાર્યક્રમમાં શિક્ષણ જગતના મહાનુભાવો,સામાજિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની શરૂઆત કુમારીકાઓ દ્વારા સ્વાગત ગીત અને મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતુ.શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા આચાર્યશ્રીનું શાલ,સ્મૃતિચિહ્ન અને પુષ્પગુચ્છ અર્પણ કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.વિદાય પ્રસંગે આચાર્યને ગાડીમાંબેસાડી વરઘોડો કાઢવામાં આવ્યો હતો.જેમાં ગ્રામજનો અને સ્ટાફ મિત્રોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

## દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટીરેલ-૧ આંગણવાડી કેન્દ્રનું મંત્રી રમેશભાઈ કટારા હસ્તે લોકાર્પણ કરાયું



**દાહોદ :** દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટીરેલ-૧ આંગણવાડી કેન્દ્રનું મંત્રી રમેશભાઈ કટારા હસ્તે લોકાર્પણ કરાયું પ્રસંગે મંત્રી શ્રી રમેશ કટારાએ જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે હરહંમેશ પ્રયત્નશીલ છે આગામી સમયમાં પણ આ જ ગતિશીલતા સાથે આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનોને વધુ વિસ્તૃત કરી રાજ્યના દરેક બાળકને શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે અનુકૂળ વાતાવરણ અપાશે, તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.આ નવા આંગણવાડી કેન્દ્રોમાં ભૂલકાઓ માટે પીવાનું શુદ્ધ પાણી, આરોગ્યલક્ષી સુવિધાઓ, અનુકૂળ આંતરિક ડિઝાઇન તેમજ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો આગેવાનો, સહિત મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારી અને કર્મચારી સહિત આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાઘર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

**સંજેલી અને ફતેપુરામાં ધર્મગુરુના આગમનને વધાવવા તડામાર તૈયારીઓ**

# દાઉદી બોહરા સમાજના ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદીનનું દાહોદમાં જિલ્લામાં આગમન



(પ્રતિનિધિ) ફતેપુરા, સંજેલી તા.30

ફતેપુરા વિશ્વભરમાં વસેલા દાઉદી બોહરા સમાજના ધર્મગુરુ પરમપાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સોમવારે દાહોદ ખાતે પધાર્યા હતા.આ સાથે જ તેમણે ગુજરાત અને પડોશી રાજ્ય મધ્યપ્રદેશના વિવિધ નગરોની તેમની મુલાકાતનો પ્રારંભ કર્યો છે.ઝાલોદ રોડ પર આવેલી જમાલી સ્કૂલ ખાતે સૈયદના સાહેબના સ્વાગત માટે હજારોની સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડ્યા હતા.જેમાં સ્થાનિક સત્તાધિકારીઓ અને સમાજના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના પ્રવાસ દરમિયાન, સૈયદ ફતેપુરા,સંજેલી, દેવગઢ બારિયા,અલીરાજપુર અને છોટા ઉદેપુર જેવા વિવિધ નગરોની મુલાકાત લેશે.જ્યાં તેઓ સમાજના સભ્યોને મળશે અને ધર્મસભાને સંબોધિત કરશે.ફતેપુરામાં તેઓ ફખરી મસ્જિદ ખાતે પ્રવચન આપશે. જેમાં તેઓ પ્રમાણિકતા,સામાજિક જવાબદારી અને સમાજ સેવાના મૂલ્યો પર ભાર મૂકશે. સમાજના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે,આ મુલાકાતથી દાઉદી વ્હોરા સમાજ દ્વારા શિક્ષણ, કલ્યાણ અને સ્થાનિક વિકાસ ક્ષેત્રે ચાલી રહેલા પ્રયાસોને વધુ બળ મળશે.

જયારે બીજી તરફ સંજેલી નગરમાં દાઉદી વોહરા સમાજના ધર્મગુરુ ની ઈતિહાસ માં પ્રથમ વખત આગમનને લઈને સમાજમાં તેમજ નગરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે,નગરમાં 50 જેટલા દાઉદી વોહરા સમાજ ના મકાનો મસ્જિદ પણ આવેલી છે,મંગળવારના રોજ ડો સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબ ફતેપુરા થી સંજેલી 12 વાગ્યે આગમન કરશે, અને ગણતરીના બે દિવસ જ બાકી છે ત્યારે સંજેલી નગરમાં આવેલા તમામ વોહરા સમાજના મકાનો દુકાનો ને રંગ રોગાન ની કામગીરીની તળાવમાં તૈયારીઓ અને રીપેરીંગ તેમજ રસ્તાઓના રીપેરીંગ તેમજ ગટર રીપેરીંગ ની કામગીરી રાત દિવસ કરવામાં આવી રહી છે, આગમનને લઈને તમામ વ્હોરા સમાજના આગેવાનો માં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## જી.ઈ.સી. દાહોદ ખાતે Arduino પ્રોગ્રામિંગ પર હેન્ડ્સ-ઓન વર્કશોપનું આયોજન

(પ્રતિનિધિ) દાહોદ, તા.30

ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, દાહોદના ઈલેક્ટ્રિકલ વિભાગ દ્વારા "Arduino Programming and Applications" વિષય પર હેન્ડ્સ-ઓન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ઈલેક્ટ્રિકલ અને ઈ.સી. વિભાગના અંદાજે 35 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ સેન્સર ઈન્ટરફેસિંગ તેમજ ઔદ્યોગિક સમસ્યાઓ જેમ કે સેફ્ટી કર્ટન સિસ્ટમ અને કન્વેયર જામ ડિટેક્શન જેવા પ્રેક્ટિકલ ટાસ્ક પર કામ કરીને પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું. વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓને ઓટોમેશન ક્ષેત્રમાં પ્રાયોગિક સમજ મળી અને ભવિષ્યમાં કુશળ ઓટોમેશન એન્જિનિયર બનવા માટે પ્રેરણા મળી હતી.

# છોટાઉદેપુર જિલ્લામાં બાજરી, જુવાર અને મકાઈની સીધી ખરીદી 1 મે થી શરૂ થશે

**બાજરી-જુવાર પર પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩૦૦ બોનસની વધારાની સહાય, ઓનલાઇન નોંધણી ૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી ફરજિયાત**

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.30

છોટાઉદેપુર જિલ્લામાં રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈની સીધી ખરીદી હાથ ધરવામાં આવશે. ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલા દર મુજબ બાજરી રૂ. ૨૭૭૫ પ્રતિ ક્વિન્ટલ, જુવાર (માલદંડી) રૂ. ૩૭૪૯ પ્રતિ ક્વિન્ટલ, જુવાર (હાઈબ્રિડ) રૂ. ૩૬૯૯ પ્રતિ ક્વિન્ટલ તથા મકાઈ રૂ. ૨૪૦૦ પ્રતિ ક્વિન્ટલના ભાવે ખરીદી કરવામાં આવશે. ખેડૂતોને વધુ લાભ મળે તે માટે બાજરી અને જુવાર પર રૂ. ૩૦૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ પણ ચૂકવાશે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુસર ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે કરવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે પાક વેચવા ઈચ્છુક ખેડૂતોની ઓનલાઈન નોંધણી ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તા. ૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન થશે, જ્યારે ખરીદી પ્રક્રિયા તા. ૧ મે થી ૧૫ જુલાઈ ૨૦૨૬ સુધી ચાલશે. નોંધણી માટે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન ફરજિયાત રહેશે.

નોંધણી માટે આધાર કાર્ડ, ગામ નમૂના ૭/૧૨ અને ૮-અ, પાક વાવણીની એન્ટ્રી ન હોય તો તલાટીનો દાખલો તેમજ બેંક ખાતાની વિગતો જરૂરી રહેશે. નોંધાયેલા ખેડૂતોને ખરીદી અંગે SMS દ્વારા જાણ કરવામાં આવશે. વધુ માહિતી માટે હેલ્પલાઈન નં. ૮૫૧૧૧૭૧૭૧૮ અને ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે.